# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id: suratdeo@gmail.com

જા.નં.RMSA/સમૃધ્ધિ-કાર્યક્રમ /૨૦૨૫/ 10857-58 તા.08/૦૯/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.

સુરત, જિલ્લો-સુરત/સુરત કોર્પોરેશન

વિષય:- સમૃધ્ધિ-કાર્યક્રમ (શિક્ષકો માટે) ૨૦૨૫-૨૬ ના આયોજન અંગે.

સંદર્ભ:- સચિવશ્રી SPO,એસએસ,ગાંધીનગરના પત્ર ક્રમાંક: એસએસ/QEM/સમૃધ્ધિ-કાર્યક્રમ/૨૦૨૫/૪૯૪૯૯-૫૮૯ તા.૦૪/૦૯/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, NCERT ન્યુ દિલ્હી દ્વારા 'સમૃદ્ધિ કાર્યક્રમ ૨૦૨૪-૨૫' અંતર્ગત ધોરણ - ૯ થી ૧૨ ની મા.અને ઉ.મા શાળાઓમાં અભ્યાસ કરાવતા શિક્ષકો માટે એક રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે કાર્યક્રમનો હેતુ શિક્ષકની કલા આધારિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સર્જનાત્મકતા, આર્ટસ એઝ પેડાગોજી, પ્રસ્તુતિ કૌશલ્ય તેમજ શૈક્ષણિક મૂલ્યાંકનને પ્રોત્સાહિત કરવાનો છે. જેમાં ૦૧ અથવા ૦૨ શિક્ષકોની ટીમ કૃતિ/પ્રપોઝલ રજૂ કરી શકશે. સમૃદ્ધિની સ્પર્ધાનું આયોજન જિલ્લા, રાજ્ય, રાષ્ટ્ર કક્ષાએ યોજવામાં આવશે. રાજ્ય કક્ષાએ મળેલ શ્રેષ્ઠ કૃતિ/પ્રપોઝલમાંથી પ્રથમ ક્રમે આવનાર કૃતિ/પ્રપોઝલને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા મોકલવામાં આવશે. શિક્ષક દ્વારા કૃતિ(પ્રોજેક્ટ), આદર્શ નિદર્શનપાઠ (લેશન પ્લાન) તૈયાર કરતા સમયે 'સમૃદ્ધિ ગાઈડલાઈન (હિન્દી/અંગ્રેજી)માં ભાગ લેવા માટે માર્ગદર્શિકા, યોગ્યતા તથા અન્ય તમામ બાબતોનો સંપૂર્ણ અભ્યાસ કરવાનો રહેશે. ભાગ લેનાર શિક્ષકોનો શૈક્ષણિક અનુભવ ઓછામાં ઓછા બે વર્ષનો હોવો જરૂરી છે. આ સાથે ભાગ લેનાર શિક્ષકોએ જેતે ધોરણમાં જે વિષય ભણાવતા હોય તે વિષયનો આદર્શ નિદર્શન પાઠ (લેશન પ્લાન) તૈયાર કરી, તેની પ્રસ્તુતિ માટેનો ૨૦ મિનીટનો વિડીયો બનાવીને લીંક સ્વરૂપે પત્રકમાં મુકવો અને તે સંદર્ભનું લખાણ મહત્તમ ૫૦૦ શબ્દોમાં તૈયાર કરીને પત્રકમાં મુકવાનું રહેશે.

આમ, આચાર્યશ્રી દ્વારા શાળામાંથી ભાગ લેનાર શિક્ષકો પાસેથી પત્રક-(એ) અને પત્રક-(બી) ભરીને કૃતિ/પ્રપોઝલ નિયત નમૂનામાં અત્રેની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરતમાં RMSA/વોકેશનલ શાખામાં જીતેન્દ્રભાઈ જોષીને રૂબરૂ હાર્ડકોપીમાં અને સોફ્ટકોપી (FONTS - TIMES NEW ROMAN - CAPITAL LETTER **અંગ્રેજીમાં**, font size - 12) deovocational@gmai.com ઈ-મેઈલ અને **MO-99139 34943** બંને પર નમુના **મુજબ તા-૧૦/૦૯/૨૦૨૫** સુધીમાં મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ આવેલ કૃતિ/પ્રપોઝલ ધ્યાને લેવામાં **આવશે નહિ.** સદર કાર્યક્રમમાં ભાગ લેવા માટેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે. જેની નોંધ લેશો.

બિડાણ:- (૧) સંદર્ભદર્શિત પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત, જિ. સુરત.

સવિનય નકલ રવાના જાણ સારૂ:-

(૧) પ્રતિ,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા, સમગ્ર શિક્ષાની કચેરી,સેક્ટર-૧૯, ગાંધીનગર

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેકટર–૧૯, ગાંધીનગર
વેબસાઈટ:www.ssagujarat.org
ઈ–મેલ:qem-gcsess@gujarat.gov.in

NIPUN BHARAT

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

**પત્રકમાક : એસએસ/QEM/સમૃધ્ધિ કાર્યક્રમ/૨૦૨૫/ [illegible] તા. [illegible] /૦૯/૨૦૨૫**

**પ્રતિ,**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા તમામ
- જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ.
- એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત

**વિષય : 'સમૃધ્ધિ'કાર્યક્રમ (શિક્ષકો માટે)૨૦૨૫–૨૬ના આયોજન અંગે.**
**સંદર્ભ : (૧) સમૃધ્ધિ કાર્યક્રમ ૨૦૨૫–૨૬ ની ગાઈડ લાઈન**
**(૨) નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મંજૂરી અન્વયે**

**શ્રીમાન,**

આપશ્રી સુવિદિત છો કે ગત વર્ષે ધોરણ ૯ થી ધોરણ ૧૨ ની તમામ પ્રકારની શાળાઓના શિક્ષકો માટે સમૃધ્ધિ કાર્યક્રમનું આયોજન NCERT ન્યુ દિલ્લી ધ્વારા તે અંગેની માર્ગદર્શિકા/ગાઈડ લાઈન તથા તેમના માર્ગદર્શન મુજબ રાજય દ્વારા આયોજિત કરવામાં આવેલ હતી.

ગુજરાતમાં ગત વર્ષે રાજયકક્ષાએથી સમૃધ્ધિ કાર્યક્રમનું આયોજન જિલ્લા અને રાજય કક્ષા એમ ૨(બે) તબકકામાં યોજવામાં આવેલ હતું.

ગત વર્ષે જિલ્લા અને રાજયકક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ જે તે સ્તરે આયોજિત કરવામાં આવેલ હતો. જયારે નેશનલ કક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ ન્યુ દિલ્લી ખાતે યોજવામાં આવેલ હતો. નેશનલ કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમમાં ગુજરાતમાંથી રાજયકક્ષાના વિજેતા થયેલ દેવભૂમિ ધ્વારકાની એસ.એન.ડી.ટી.હાઈસ્કુલ ખંભાળીયાના શિક્ષિકા શ્રી ર્ડા.રંજનબેન જોષીએ ભાગ લીધેલ હતો.

સમૃધ્ધિ કાર્યક્રમ વર્ષ : ૨૦૨૫–૨૬ ના આયોજન સંદર્ભે NCERT ધ્વારા પ્રસિધ્ધ થયેલ ગાઈડ લાઈન વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી મેળવેલ છે તથા તેની નકલ અત્રે મળેલ છે જે અન્વયે હિન્દી/અંગ્રેજી ગાઈડ લાઈનની ક્રમ–(૧) થી ક્રમ–(૬) માં દર્શાવેલ જરૂરી વિગતો અનુસાર ગુજરાતીમાં માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરેલ છે. છે, જે આ સાથે સામેલ છે, જેને અવલોકને લઈ તે મુજબ જિલ્લાકક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ આયોજિત કરવા જણાવવામાં આવે છે.

## (૧) જિલ્લા કક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ :

જિલ્લા કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ આ સાથે સામેલ માર્ગદર્શક સૂચનાઓ તથા નીચે મુજબની સૂચનાઓ સમાવિષ્ટ કરીને સંભવિત તા.૧૨/૦૯/૨૦૨૫ અથવા તા.૧૩/૦૯/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે.

**જિલ્લા કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટે સૂચનાઓ :**

(એ) જિલ્લાની ધો.૯ થી ધો.૧૨ની તમામ સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ તથા નોન ગ્રાન્ટેડ શાળાઓને જાણ કરીને આ કાર્યક્રમ માટે ઉત્સાહી શિક્ષકો પાસેથી સમૃધ્ધિ કાર્યક્રમ માટે આપેલ ઉપર દર્શાવેલ વિગતો જેમાં, (૧) મુખ્ય લાક્ષણિકતાઓ (૨) સમૃધ્ધિ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની સામાન્ય માર્ગદર્શિકા (૩) સમૃધ્ધિ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની યોગ્યતા વગેરેને ધ્યાને લઈ ભાગ લેવા તમામ શાળાના શિક્ષકોને જાણ કરવી.(ગાઈડ લાઈન સામેલ)

(બી)ભાગ લેનાર શિક્ષક પોતે અથવા શિક્ષક અને તેના સહભાગી શિક્ષક દ્વારા તેઓની કૃતિ/પ્રોપઝલ તૈયાર કરવી.

(સી) ભાગ લેનાર શિક્ષક પાસેથી પત્રક–(એ) અને પત્રક–(બી)ભરીને જિલ્લા કક્ષાએ તેમની કૃતિ/પ્રપોઝલ નિયત નમૂનામાં સૂચના અનુસાર જિલ્લા કક્ષાએ તા.૧૦/૦૯/૨૦૨૫ સુધીમાં મંગાવવાની રહેશે.

(ડી) જિલ્લા કક્ષાએ આપેલ કૃતિ/પ્રપોઝલની ચકાસણી જિલ્લા કક્ષાએ એક મૂલ્યાંકન સમિતિ રચના કરીને, તેમના ધ્વારા તા.૧૨/૦૯/૨૦૨૫ અથવા તા.૧૩/૦૯/૨૦૨૫ સુધીમાં સમૃધ્ધિ કાર્યક્રમ અંગેના મૂલ્યાંકન માપદંડ(મૂલ્યાંકન પત્રક અનુસાર)જે ગાઈડ લાઈનમાં આપેલ છે જે અનુસાર પૂર્ણ કરવા તથા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમની પ્રપોઝલની પસંદગી કરવાની રહેશે.

(ઈ) જિલ્લા કક્ષાની સમિતિમાં નીચે મુજબના સભ્યો નિયુકત કરવાના રહેશે.

(૧)ધોરણ–૯ થી ૧૨ના સાક્ષરી વિષયોના નિષ્ણાંત શિક્ષક/તજજ્ઞ–વિષયદીઠ–૦૧ (પ્રપોઝલ આધારે નકકી કરવા)

(૨) ડાયટના વિષયને આનુષંગિક લેકચરર – વિષયદીઠ–૦૧ (પ્રપોઝલ આધારે નકકી કરવા)

(૩) સમૃધ્ધિ કાર્યક્રમ માટે (કલા ઉત્સવના ક્ષેત્રો જે તે કલા/કૃતિ) – જે તે કલા ક્ષેત્ર/કૃતિ દીઠ–૦૧ તજજ્ઞો (સંગીત, વાદન, નૃત્ય, એકપાત્રીય અભિનય/નાટક, સ્વદેશી રમકડા અને રમતો, દ્રશ્યકલા)માંથી પ્રપોઝલની ચકાસણી આધારે જરૂરીયાત અને આવશ્યકતા મુજબના વિષયક્ષેત્રના તજજ્ઞો(પ્રપોઝલ આધારે નકકી કરવા)

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી– અધ્યક્ષ

આ કાર્યક્રમ માટે ડીઈઓ કક્ષાએથી નોડલ ઓફિસરની નિમણૂંક કરવા તથા નોડલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કામગીરી જિલ્લા કો.ઓર્ડિનેટર સેકન્ડરીએ ડીઈઓના અધ્યક્ષ સ્થાને કરવી. (જે જિલ્લામાં સેકન્ડરી કો.ઓર્ડિનેટર ન હોય ત્યાં મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર કયુઈએમએ કામગીરી કરવી)નોડલ ઓફિસરની નામ,નંબરની વિગતો અત્રે તા.૦૮/૦૯/૨૦૨૫ સુધીમાં મોકલી આપવાની રહેશે.

**સમૃધ્ધિ કાર્યક્રમ માટે બજેટ અને બ્રેકઅપ ખર્ચ :**

આ કાર્યક્રમ માટે ચાલુ વર્ષના બજેટમાં કોઈ અલગથી બજેટ કે એકટીવીટી સમાવેશ કરેલ નથી. પરંતુ એનસીઈઆરટી ધ્વારા શિક્ષકો માટે નવી પહેલ તરીકે સમૃધ્ધિ કાર્યક્રમ કરવા જણાવેલ છે.

વધુમાં આ કાર્યક્રમ કલા ઉત્સવ અંતર્ગત કાર્યક્રમ હોઈ,

(૧) જિલ્લા કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટે નીચે દર્શાવેલ ખર્ચ જિલ્લા/ઝોનકક્ષાના કલા ઉત્સવની બચત ગ્રાન્ટમાંથી કરવા તથા તે ઉપરાંત વધુ થનાર ખર્ચ જિલ્લા જે તે જિલ્લાના મેનેજમેન્ટ સદરે તથા

(૨) રાજય કક્ષાની સ્પર્ધા માટે રાજયકક્ષાના કલા ઉત્સવની બચત ગ્રાન્ટમાંથી કરવા તથા તે ઉપરાંત વધુ થનાર ખર્ચ સ્ટેટ મેનેજમેન્ટ સદરે કરવાનો રહેશે.

**જિલ્લા કક્ષાની સ્પર્ધા/કાર્યક્રમ માટે બ્રેકઅપ :**

(૧) **તજજ્ઞ ભથ્થુ અને ટીએ/ડીએ :** સમૃધ્ધિ કાર્યક્રમ અંતર્ગત આવેલ પ્રપોઝલની ચકાસણી માટે ઉપસ્થિત તજજ્ઞો/ સભ્યોને પ્રતિ દિવસ રૂા.૫૦૦/–તજજ્ઞ ભથ્થુ અને નિયમ મુજબ ટી.એ./ડી.એ. આપવાનું રહેશે.

(૨) આ કાર્યક્રમ અંતર્ગત કન્ટીજન્સી ખર્ચ/આવશ્યકતા મુજબ ખર્ચ(ચા–નાસ્તો, અલ્પાહાર, ભોજન ખર્ચ)કરી શકાશે.

(૩) જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં વિજેતા થનાર કૃતિ/પ્રપોઝલ માટે નીચે મુજબ રોકડ પુરસ્કાર આપવાનું નકકી કરેલ છે.

પ્રથમ ક્રમ –૩,૦૦૦/–, દ્વિતીય ક્રમ – ૨,૦૦૦/–, તૃતીય ક્રમ – ૧,૦૦૦/–, ખાસ ઈનામ – ૫૦૦/–

(૨) **રાજયકક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટે સૂચનાઓ :**

જિલ્લા કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમમાં પ્રત્યેક જિલ્લામાં વિજેતા ક્રમ–(૧), (૨),(૩)પૈકી પ્રથમ ક્રમે વિજેતા થનાર કૃતિ/પ્રપોઝલ જિલ્લાદીઠ–૦૧(એક) નિયત નમૂનામાં રાજય કક્ષાના ઈમેઈલ balrang24guj@gmail.com પર સંભવિત તા.૧૫/૦૯/૨૦૨૫ સુધીમાં મોકલી આપવાની રહેશે.

રાજયકક્ષાએ મળનાર ૩૩ જિલ્લા અને ૦૪ કોર્પોરેશન એમ કુલ ૩૭ કૃતિ/પ્રપોઝલ રાજય કક્ષાની સ્પર્ધા માટેની કાર્યવાહી/ચકાસણી ઉપર દર્શાવેલ જિલ્લા કક્ષાની સમિતિ મુજબ બનાવીને તેમના દ્વારા સંભવિત તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું નકકી કરેલ છે, જે ધ્યાને લેશો.

**રાજય કક્ષાની સ્પર્ધા માટે બજેટ/ખર્ચ બ્રેકઅપ નીચે મુજબ છે.**

(૧) તજજ્ઞ ભથ્થુ અને ટીએ/ડીએ : સમૃધ્ધિ કાર્યક્રમ અંતર્ગત આવેલ પ્રપોઝલની ચકાસણી માટે ઉપસ્થિત તજજ્ઞો/સભ્યોને પ્રતિ દિવસ રૂા.૧૦૦૦/–તજજ્ઞ ભથ્થુ અને નિયમ મુજબ ટી.એ./ડી.એ. આપવામાં આવશે.

(૨) આ કાર્યક્રમ અંતર્ગત કન્ટીજન્સી ખર્ચ/આવશ્યકતા મુજબ ખર્ચ(ચા–નાસ્તો, અલ્પાહાર, ભોજન ખર્ચ)કરી શકાશે.

(૩) રાજયકક્ષાના કાર્યક્રમમાં વિજેતા થનાર કૃતિ/પ્રપોઝલ માટે નીચે મુજબ રોકડ પુરસ્કાર આપવાનું નકકી કરેલ છે.

પ્રથમ ક્રમ–૫,૦૦૦/–, દ્વિતીય ક્રમ–૩,૦૦૦/–, તૃતીય ક્રમ – ૨,૦૦૦/–, ખાસ ઈનામ – ૧૦૦૦/–

**રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા :**

રાજય કક્ષાએ વિજેતા પ્રથમ ક્રમની કૃતિ/પ્રપોઝલ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે એનસીઈઆરટી, ન્યુ દિલ્લીને સૂચના મુજબ મોકલવામાં આવશે.

ઉકત સમૃધ્ધિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતી ભાષાંતર કરેલ ગાઈડ લાઈન તથા તેની સાથે હિન્દી/અંગ્રેજી ગાઈડ લાઈન (સોફ્ટ કોપી)પણ આ સાથે મોકલી આપેલ છે,જે આપની કક્ષાએથી તમામ શાળાઓને મોકલી આપવા જણાવવામાં આવે છે તથા તેની સાથે સમૃધ્ધિ કાર્યક્રમ ૨૦૨૪-૨૫ નો એનસીઈઆરટી દ્વારા તૈયાર થયેલ રીપોર્ટ(સોફ્ટ કોપી)શિક્ષકોને અભ્યાસ અર્થે મોકલી આપવાનો રહેશે જેથી પ્રપોઝલ/પ્રોજેક્ટ બનાવવામાં ઉપયોગી થઈ શકે.

નેશનલ લેવલની સ્પર્ધા માટે એનસીઈઆરટી, ન્યુ દિલ્લીની વેબસાઈટ પર સમયાંતરે આ બાબતે અપડેટ મૂકવામાં આવે છે તો તે વેબસાઈટની સમયાંતરે મુલાકાત લેવાની રહેશે.

ઉકત બાબતોને આધારે સમૃધ્ધિ કાર્યક્રમ વર્ષ-૨૦૨૫-૨૬ના આયોજન સંદર્ભે જિલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધા આયોજન માટેની સમગ્ર માર્ગદર્શક સૂચનાઓ તે અંગેની ગાઈડ લાઈન આધારે તૈયાર કરેલ છે. જે સામેલ છે.

સમૃધ્ધિ કાર્યક્રમ-૨૦૨૫-૨૬ના આયોજન, માર્ગદર્શન અને સંકલન માટે જરૂરી માહિતી હેતુ અત્રેની કચેરીના નીચેના કર્મચારીઓનો જરૂર જણાયે સંપર્ક કરી શકાશે.

(૧) શ્રી ભરતસિંહ ડી.વાઘેલા,સહ કન્વીનર કલા ઉત્સવ, નં-**98795 03835**
(૨) શ્રી જશુભાઈ એસ. પરમાર,કન્વીનર કલા ઉત્સવ, નં-**95120 04945**

**ખાસ નોંધ :** ગુજરાતી માર્ગદર્શિકા સરળતા ખાતર આપવામાં આવેલ છે. કોઈપણ તબકકે આવશ્યક/અંતિમ નિર્ણય માટે NCERT ધ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા/ગાઈડલાઈન (હિન્દી અને અંગ્રેજી) ધ્યાને લેવાની રહેશે. આ ગાઈડ લાઈન NCERT ની વેબસાઈટ https://www.kalautsav.ncert.gov.in/ પર ઉપલબ્ધ છે.

(શિલ્પા પટેલ)
**સચિવ**
**એસપીઓ, સમગ્ર શિક્ષા,**
**ગાંધીનગર**

**બિડાણ :**
(૧) સમૃધ્ધિ કાર્યક્રમ- ૨૦૨૫-૨૬ ગાઈડલાઈન
(૨) એનેક્ષર : સમૃધ્ધિ કાર્યક્રમના આયોજન/સ્પર્ધાની વિગતો તથા સામાન્ય સૂચનાઓ
(૩) નેશનલકક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ ૨૦૨૪-૨૫નો એનસીઈઆરટી દ્વારા તૈયાર થયેલ રીપોર્ટ(સોફ્ટ કોપી) ( NCERT ની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે,જેનો અભ્યાસ કરવો)

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**
(૧) માન.અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૨) માન.એસપીડીશ્રી, સદર કચેરી.
(૩) માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
(૪) માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
(૫) માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯, ગાંધીનગર
(૬) માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર-૧૨, ગાંધીનગર
(૭) માન.નાણાં નિયંત્રકશ્રી, સદર કચેરી.

**નકલ જયભારત સહ રવાના જાણ અર્થે :**
- શાખાધિકારીશ્રી અને ઓઆઈસી-તમામ, આ કચેરી.

## એનેક્ષર : સમૃધ્ધિ કાર્યક્રમના આયોજન/સ્પર્ધાની વિગતો તથા સામાન્ય સૂચનાઓ

### (૧) સમૃધ્ધિ કાર્યક્રમઃ પરિચય

સમૃધ્ધિ કાર્યક્રમ એ ધો.૯ થી ૧૨ના શિક્ષકો માટે કલા ઉત્સવ અંતર્ગત આયોજન કરવામાં આવતી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા છે. જેનો ઉદ્દેશ માધ્યમિક કક્ષા(ધો.૯ થી ૧૨)ના અભ્યાસક્રમ ઉપર આધારિત કલાના એકીકરણ ધ્વારા અધ્યયન અધ્યાપન પધ્ધતિઓનું નિદર્શન કરવાનો છે. જે પધ્ધતિઓ શિક્ષકો ધ્વારા વિકસાવેલ અને નવતર પધ્ધતિઓ દ્વારા નિર્મિત કરેલ છે.

શિક્ષા મંત્રાલય ભારત સરકારના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ ધ્વારા માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓની કલા આધારિત પ્રતિભાઓને પ્રોત્સાહન આપવું અને તેના પ્રદર્શન માટે મંચ પ્રદાન કરવું. આ ઉદ્દેશ સાથે વર્ષ : ૨૦૧૫ માં કલા ઉત્સવનો આરંભ કરવામાં આવેલ હતો, તથા સમૃધ્ધિ કાર્યક્રમ તે ઉદ્દેશની પૂર્તિ તરફ ભરેલ એક પગલું છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અને માધ્યમિક શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF-SE-) 2023 અનુરૂપ સમૃધ્ધિનો ઉદ્દેશ આ શિક્ષકોના યોગદાનને ઓળખી તેને પ્રોત્સાહિત કરવાનો છે જેમણે જુદા જુદા વિષયોના શિક્ષણને કલા આધારિત બનાવીને શિક્ષણના અનુભવને સફળતા આપવા માટેનું કાર્ય કરેલ છે.

**વ્યકિતના વિકાસમાં કલાની ભૂમિકા :**

કલા એ વ્યકિત તથા તેની સમાજના અનુભવો અને પ્રભાવનો કુલ સરવાળો છે જેને દાર્શનિક, સાંસ્કૃતિક એવંમ દૃષ્ટિકોણના આધાર પર સમજી શકાય તેમ છે.

વ્યકિતના ભૌગોલિક પહેરવેશ તેમની સામાજિક પરિસ્થિતિ તેમજ સાંસ્કૃતિક સમજના લક્ષણ તેમની કલાત્મક અભિવ્યકિતમાં હોય છે. આ સંબંધ માત્ર સંયોગ નથી, પરંતુ માનવ સામ્યતાના વિકાસની એક મૌખિક વિશેષતા છે.

કોઈપણ પ્રદેશમાં સ્થાનિક હવામાન, ઉપલબ્ધ પ્રાકૃતિક સંસાધનો અને ભૌગોલિક વિશેષતાઓ માત્ર કલા માટે સામગ્રીને પ્રભાવિત કરતી નથી પરંતુ તેના રંગ સંયોજન, વિષયવસ્તુ, પધ્ધતિઓ અને શૈલીગત વિશેષતાઓને પણ ઉંડા પ્રમાણમાં પ્રભાવિત કરે છે. દરેક પ્રદેશ પોતાની અનન્ય કલાત્મક ઓળખ વિકસાવે છે, જે તેની પ્રાકૃતિક સુંદરતા, સામાજીક પરંપરાઓ અને સાંસ્કૃતિક મૂલ્યોને પ્રતિબિંબ કરે છે.

સમૃધ્ધિનો મુખ્ય હેતુ ઉપરોકત વિવિધ વિષયોમાં સંકલિત કરવો તે છે.

**કલા અને એકીકૃત શિક્ષણ**

કલા માત્ર સૌંદર્યબોધની અભિવ્યકિત નથી પરંતુ માનવ ભાવનાઓ, સામાજીક મૂલ્યો અને સાંસ્કૃતિક ઓળખની વાહિકા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ આ વ્યાપક દૃષ્ટિકોણને સ્વીકારે છે. અને આ કળાઓની મહત્વપૂર્ણ ભૂમિકાને માન્યતા આપે છે. જે શિક્ષણમાં ટીકાત્મક ચિંતન, સર્જનાત્મક અને સાંસ્કૃતિક જાગૃતિને પ્રોત્સાહન આપે છે.

આ શિક્ષણ નીતિ માટે સર્વાંગી અને બહુવિષયક અભિગમને પ્રોત્સાહન આપે છે. જેમાં દ્રશ્યકલા, પ્રદર્શનકલા, સર્જનાત્મક અભિવ્યકિતઓ પાઠયક્રમનું અભિન્ન અંગ છે તથા તે આસપાસના પર્યાવરણને સમજવા તથા સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરવાની પ્રેરણા મળે છે.

શિક્ષણનું લક્ષ્ય માત્ર સિધ્ધિઓ હાંસલ કરવાનો નથી, પરંતુ ભારતીય જ્ઞાન પરંપરાને શિક્ષણમાં સામેલ કરીને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ, વ્યકિતગત વિકાસ તેમજ ૨૧ મી સદીના આવશ્યક કૌશલ્યોના સંવર્ધન તરફ દોરી જાય છે.

આ અભિગમ ખાસ કરીને ભારતીય સંદર્ભમાં અત્યંત મહત્વપૂર્ણ છે. જયાં દરેક ભૌગોલિક પ્રદેશની પોતાની સમૃધ્ધ અને વિશિષ્ટ કલાત્મક પરંપરા છે. કલા આધારિત શિક્ષણ માત્ર શિક્ષણને આનંદદાયક બનાવતુ નથી પણ વિદ્યાર્થીઓમાં ભારતીયતાની ભાવના જગાડે છે.

**કલા આધારિત વ્યાપક દૃષ્ટિકોણ :**

કલા ધ્વારા અને કલાથી શીખવાની પધ્ધતિ પર આધારિત આ એક રૂપાંતરીત શૈક્ષણિક તત્વજ્ઞાન છે. જે પરંપરાગત શિક્ષણ પધ્ધતિઓની સીમાઓને તોડીને શીખવાની પ્રક્રિયાને સર્વાંગી અને આનંદદાયક બનાવે છે.

**કલા આધારિત અભિગમ ત્રણ મુખ્ય સ્તરે કાર્ય કરે છે.**

**(૧) જ્ઞાનાત્મક સ્તર :** વિદ્યાર્થીઓ કલા મારફતે જટિલ અને અમૂર્ત ખ્યાલોને વધુ સ્પષ્ટ રીતે સમજવા લાગતા હોય છે જેના પરિણામે તેમની યાદશકિત વધુ મજબૂત બને છે.

**(૨) ભાવનાત્મક સ્તર :** કલાત્મક પ્રવૃત્તિઓ ભાવનાત્મક બુધ્ધિને વિકસાવે છે અને તેમને પોતાની સંવેદનાઓને અભિવ્યકિત માટે વિવિધ માધ્યમો પુરા પાડે છે.

**(૩) સામાજિક સ્તર :** સહભાગી કલાત્મક પ્રવૃત્તિઓ સહયોગ(ટીમ વર્ક) સંવાદ અને સાંસ્કૃતિક સમજને વિકસાવે છે.

શીખનારાઓમાં કલા માટેની ઉંડી કદર, સાંસ્કૃતિક ગૌરવ અને સમજણ વિકસાવે છે. દ્રશ્યકલા (જેમ કે ચિત્રકલા, મૂર્તિકલા, માટીના નમૂનાઓ, કાગળ હસ્તકલા, માસ્ક નિર્માણ, વારસા હસ્તકલા, ગ્રાફિકસ, એનિમેશન વગેરે)અને પ્રદર્શન કલા(જેમ કે સંગીત, નૃત્ય, થિયેટર, પપેટ શો, ફિલ્મ નિર્માણ, સિનેમેટિક કલા વગરે)બંન્ને પ્રકારના અનુભવ ન કેવળ વિદ્યાર્થીઓના વ્યકિતગત સમજને વધારે છે. પરંતુ સમગ્ર વ્યકિતગત વિકાસમાં મદદરૂપ થાય છે. આમ કલા શીખવાનું પ્રાથમિક સ્ત્રોત બને છે. તથા સમજ અને વ્યકિતગત વિકાસમાં મદદરૂપ થાય છે.

**કલા એકીકૃત શિક્ષણ લાક્ષણિકતાઓ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અનુસાર શૈક્ષણિક પધ્ધતિ એ એવો અભિગમ છે, જે વિદ્યાર્થીમાં ટીકાત્મક ચિંતન, સર્જનાત્મકતા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપે છે.

કલા આધારિત શૈક્ષણિક પધ્ધતિની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

(૧)કલા સાથે એકીકરણ(Integration of Art):વિષયના ખ્યાલોને વિવિધ કલા શૈલીઓ સાથે અસરકારક જોડાણ.

(૨) વિદ્યાર્થીની ભાગીદારી (Student Participation ) : સક્રિય ભાગીદારી અને વ્યવહારિક અનુભવ.

(૩) અનુભવ આધારિત (Experiential Learning ) : વાસ્તવિક જીવનના સંદર્ભમાં શીખવું

(૪)ગહન સમજૂતીનો વિકાસ(Development of Critical Understanding):ઉંડા વિચાર તથા વિશ્લેષણાત્મક ક્ષમતા.

આ પધ્ધતિ દ્વારા શિક્ષણ માત્ર વાંચન–લેખન સુધી મર્યાદિત નહી રહે, પણ વિદ્યાર્થીઓના માનસિક, ભાવનાત્મક અને સામાજિક વિકાસને પણ વ્યાપે છે.

**<u>શિક્ષકોની મુખ્ય જવાબદારીઓ :</u>**

**(૧) સાંસ્કૃતિક દૂત( Cultural Mediator ) :**

શિક્ષક સ્થાનિક કલાકારો, હસ્ત કલાકારો અને સમુદાયના વડીલો સાથે જોડાણ સ્થાપે છે જેથી પરંપરાગત જ્ઞાનને આધુનિક પાઠયક્રમમાં સમાવિષ્ટ કરી શકાય છે.

**(૨) ભૌગોલિક સંવેદનશીલતા ( Geographic Sensitivity ) :**

શિક્ષકોએ ભૌગોલિક સંદર્ભને ધ્યાનમાં લઈને શિક્ષણ પધ્ધતિઓ વિકસાવવી જોઈએ. દા.ત. હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના તાલો અને લયમાળાઓનો ઉપયોગ ગણિતના ખ્યાલો સમજાવવા માટે થઈ શકે છે. જેથી વિદ્યાર્થી સંગીતનો આનંદ માણતા ગણિત પણ શીખી શકે છે.

**(૩) બંધારણમૂલક અભિગમ ( Constructivist Approach ) :**

કલા આધારિત શિક્ષણ પધ્ધતિમાં શિક્ષકોએ નીચેના બંધારાણાત્મક તત્વો સુનિશ્ચિત કરવા જોઈએ.

- શિક્ષણ વિદ્યાર્થીઓના અગાઉના અનુભવ અને જ્ઞાન પર આધારિત હોય.
- કલા દ્વારા શીખવાની પ્રવૃત્તિઓ રસપ્રદ અને કાર્યપ્રવૃત્ત હોય.
- સહપાઠી દ્વારા શિક્ષણ (પીઅર લર્નિંગ)ને પ્રોત્સાહન મળે.
- સ્વ મૂલ્યાંકન અને સહ મૂલ્યાંકનને મહત્વ આપવામાં આવે.

**(૪) સર્વ સમાવેશક શિક્ષણ ( Inclusive Education ) :**

NEP-2020 ના અનુસારના શિક્ષકોએ એવી શૈક્ષણિક પધ્ધતિઓને અનુસરે છે જે વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતો માટે સંવેદનશીલ અને સહાયક હોય. આ જવાબદારીઓ શિક્ષકને માત્ર શિખવાડનાર નહી પણ સંસ્કૃતિના પોષક અને પરિવર્તનકર્તા તરીકે પણ સ્થાપિત કરે છે.

**સમૃધ્ધિ સ્પર્ધાના હેતુઓ :**

માધ્યમિક સ્તરે વિષયોમાં સર્જનાત્મક અભિવ્યકિતને એકીકૃત કરીને શિક્ષક કલા એકીકરણને નીચે દર્શાવેલ માર્ગે અસરકારક રીતે અમલમાં મૂકી શકે છે.

સમૃધ્ધિ સ્પર્ધાનો હેતુઓ શિક્ષકોને સન્માનિત કરવાનો છે, જેમણે સફળતાપૂર્વક નીચે મુજબ કામગીરી કરી છે.

- સ્થાનિક ભૌગોલિક લાક્ષણિકતાઓ અને કલાત્મક પરંપરાઓને આધુનિક શિક્ષણ પધ્ધતિઓ સાથે એકીકૃત કરી છે.
- વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને, અનુભવ આધારિત અને સર્વ સમાવેશક શિક્ષણ પધ્ધતિઓ અપનાવી છે.
- કલા મારફતે ટીકાત્મક ચિંતન, સર્જનાત્મકતા અને સહકારની ભાવનાને પોષી છે.
- ભારતીય પરંપરાગત કલા અને સંસ્કૃતિના જતન અને પ્રચારમાં યોગદાન આપ્યુ છે.
- સ્થાનિક હસ્તકલા/કલા, રમકડાં અને સંસાધનોને પાઠયક્રમ સાથે સંકલિત કરીને ભારતીય જ્ઞાન પ્રણાલી(IKS)ના તત્વોને શિક્ષણમાં અમલમાં મુકયા છે.
- વિદ્યાર્થીઓને રસપ્રદ રીતે શિખવાડયા છે અને તેમના ટીકાત્મક વિચારને વધુ વિકસાવ્યો છે.
- કલાને "ઉત્પાદન" નહી પરંતુ "પ્રક્રિયા" તરીકે માન્યતા આપી છે.

આ રીતે "સમૃધ્ધિ" સ્પર્ધા શિક્ષકોને માત્ર પ્રોત્સાહિત કરતી નથી, પણ રાષ્ટ્રીય શિક્ષા નીતિ–૨૦૨૦ ના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે શૈક્ષણિક અને સાંસ્કૃતિક જોડાણને મજબૂત બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**વિદ્યાર્થીઓની વિવિધ કલા આધારિત પ્રવૃત્તિઓમાં ભાગીદારી :**

વિદ્યાર્થીઓની વિવિધ કલા આધારિત પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવો એ અગત્યનું છે, જેમકે

- દ્રશ્ય કલા (ચિત્રકલા, શિલ્પ કલા, વારસા હસ્તકલા વગેરે)
- પ્રદર્શન કલા(નૃત્ય, સંગીત, થિયેટર, પપેટ શો, ફિલ્મ)

આ પ્રવૃત્તિઓ,

- શીખવાની પ્રક્રિયાને વધુ જીવંત અને આનંદદાયક બનાવે છે.
- વ્યકિતગત તથા સામૂહિક વિકાસ માટે માળખુ પુરૂ પાડે છે.
- ૨૧ મી સદીના કૌશલ્યો જેવા કે સંવાદ, સહકાર, ભાવનાત્મક બુધ્ધિ તથા સર્જનાત્મકતાને વિકસાવે છે.

વિદ્યાર્થીઓના આવા તાલમેલિત અને સર્જનાત્મક સામેલગીરીને સમૃધ્ધિ સ્પર્ધા મુખ્યત્વે ઉજવે છે.

**(૨) "સમૃધ્ધિ ૨૦૨૫" નં વિષયવસ્તુ થીમ :**

સમૃધ્ધિ ૨૦૨૫ નું વિષયવસ્તુ થીમ કલા દ્વારા સર્વ સમાવેશક શિક્ષણ છે, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ રાષ્ટ્રીય શિક્ષા નીતિ–૨૦૨૦ ના મૂલ્યોમાં ઉંડાણપૂર્વક જોડતો ખ્યાલ છે અહીં સમાનતા (equity) અને સર્વ સમાવેશિતા (inclusion) દરેક શૈક્ષણિક નિર્ણયોનો કેન્દ્રબિંદુ છે.

**થીમનો ઉદ્દેશ : આ શૈક્ષણિક પ્રક્રિયાઓમાં કલા સમાવેશક કરીને સામાજિક–આર્થિક રીતે વંચિત જૂથોની (S.E.D.G.) ભાગીદારી અને તેમની અસફળતાના રસ્તામાં અવરોધકોને દૂર કરવા માટે આહવાન કરે છે. જેમાં**

શિક્ષણમાં આવા તમામ અવરોધો દૂર કરવાના પ્રયત્નો જેનાથી નીચેના સામાજિક આર્થિક રીતે પછાત જૂથોના વિદ્યાર્થીઓ માટે ભાગીદારી અને સફળતા મુશ્કેલ બને. જેમાં,

- છોકરીઓ અને મહિલાઓ, અનામત વર્ગો ( SC/ST/OBC ), અલ્પ સંખ્યક સમુદાયો, દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ, દુર્ગમ અને પછાત વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓ, આર્થિક રીતે પછાત પરિવારના બાળકો વગેરે સમાવિષ્ટ છે.

**આ થીમના માધ્યમથી શિક્ષણમાં આ વાતો સમાવવામાં આવે છે :**

શાળાની સંસ્કૃતિ, પાઠયક્રમ અને શિક્ષણ પધ્ધતિઓના માધ્યમથી વિદ્યાર્થીઓને સંવેદનશીલ બનાવવા પર ભાર દે તે મુજબની છે. જેમાં સહાનુભૂતિ, વિવિધતા માટેનો આદર, અહિંસા અને વૈશ્વિક નાગરિકત્વ જેવા માનવીય મૂલ્યો સમાવેશ થાય છે.

કલા અને સર્જનાત્મક અભિવ્યકિત દ્વારા વિદ્યાર્થીઓની બુધ્ધિ, ભાવનાઓ અને સામાજિક સંવેદનશીલતાનું શકિતકરણ NEP-2020 (વિભાગ ૬.૧)માં સ્પષ્ટ કહેવામાં આવ્યુ છે કે કલા અંતર્ગત શિક્ષણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે.

**સમૃધ્ધિનું ધ્યેય છે :**

- શિક્ષકોને કલા સાથે જોડાયેલી શૈક્ષણિક પધ્ધતિઓ અપનાવવા માટે સશકત બનાવવું.
- શિક્ષણને વધુ સર્વ સમાવેશક, રસપ્રદ અને અર્થપૂર્ણ બનાવવું ખાસ કરીને ઉપેક્ષિત વર્ગના વિદ્યાર્થીઓ માટે

NEP-2020 (વિભાગ ૬.૨૦)અનુસાર સર્વ સમાવેશિતા પસંદગી નહિ પણ ફરજ છે. સમૃધ્ધિ તેનું વચન આપે છે કે કોઈ વિદ્યાર્થી પાછળ ન રહી જાય, અને ભવિષ્યનું શિક્ષણ વ્યવસ્થિત રીતે સર્વ માટે ખુલ્લું રહે.

**(૩) સમૃધ્ધિ માટેના ભાગ લેનાર શિક્ષકો માટેની સામાન્ય માર્ગદર્શિકા :**

- દરેક રાજય/કેન્દ્રશાસિત પ્રદેશ/**KVS/NVS/EMRS** માટે ત્યાંના માધ્યમિક શિક્ષકોની સંખ્યા પ્રમાણે પ્રવેશીઓની સંખ્યા નકકી કરવામાં આવશે. સાથે નોડલ અધિકારીઓને આ મંજૂર પ્રવેશીઓ અંગે પૂર્વ માહિતી આપવામાં આવશે. મોટા રાજયોમાંથી એક થી વધુ ટીમો ભાગ લઈ શકે છે.
- એક ટીમમાં વધુમાં વધુ બે શિક્ષકો હોઈ શકે છે. મુખ્ય પ્રવેશ માધ્યમિક ધોરણ(ધો.૯ થી ૧૨)માં વિષય શીખવતા શિક્ષક દ્વારા કરવામાં આવશે.અને બીજું સ્થાન વૈકલ્પિક રીતે શાળાનું કલા/સંગીત/નૃત્ય/નાટય શિક્ષક લઈ શકે છે.
- **જે શિક્ષકોએ સમૃધ્ધિ–૨૦૨૪માં રાષ્ટ્રીય સ્તરે ભાગ લીધો હોય,તેઓ સમૃધ્ધિ–૨૦૨૫માં ભાગ લઈ શકશે નહી.**

**ભાગ લેનાર શિક્ષકોએ પ્રોજેક્ટ પ્રસ્તાવ(Project Proposal)અગાઉથી સબમિટ કરવો પડશે. જેમાં,**

- ધોરણ–૯ થી ૧૨ માં શીખવતા વિષયો(વિજ્ઞાન, માનવિય શાસ્ત્રો, ભાષાઓ, ગણિત, વાણિજ્ય વગેરે)ના કોઈપણ વિષયક્ષેત્રને કલા શૈલીઓની કલાત્મક અભિવ્યક્તિને સૌંદર્યશીલતા સાથે કૂશળ રીતે સંકલિત કરેલ હોવો જોઈએ.
- પ્રોજેક્ટ તેમના વર્ગખંડમાં અમલમાં મુકાયેલા અભ્યાસ પર આધારિત હોવો જોઈએ, અને શાળાના આચાર્ય દ્વારા પ્રમાણિત હોવો જોઈએ.
- દ્રશ્યકલા / સંગીત / નૃત્ય / નાટય કોઈપણ કલા શૈલીના માધ્યમથી પ્રસ્તુતિ રજૂ કરી શકાય.
- **ICT** (ડિજિટલ સાધનો)નો ઉપયોગ પણ માન્ય છે.

**પ્રોજેક્ટ પ્રસ્તાવનું લખાણ ૫૦૦ શબ્દોમાં હિન્દી માટે(Font: Kokila, Font Size: 16)વધુ ન હોવું જોઈએ અથવા અંગ્રેજી માટે** (Font: Times New Roman, Font Size: 12)

જેમાં કામગીરીની પ્રક્રિયા અને ખાસ વિશેષતાઓ જણાવી હોય, અને જેમાં વર્ગખંડની પ્રવૃત્તિના ફોટા(JPG ફોર્મેટ)અથવા વીડિયો(mp4 લિંક)જોડાયેલા હોવા જોઈએ.

**પ્રોજેક્ટ પ્રસ્તાવ માટેની ભાષા હિન્દી અથવા અંગ્રેજી હોવી જોઈએ.**

જે પણ શિક્ષણ સાધનો(**TLM**)ઉપયોગમાં લેવામાં આવશે તેનો ઉલ્લેખ પ્રસતાવમાં કરવો જરૂરી છે. વિદ્યાર્થીઓની ભાગીદારીનું સ્તર પણ સ્પષ્ટ હોવું જોઈએ. કલા શૈલી/પ્રોપ્સ વિદ્યાર્થીની વયને અનુકૂળ હોવા જોઈએ.

રાષ્ટ્રીય સ્તરે દરેક ટીમે ઓછામાં ઓછા ૩ અને વધુ ૬ પ્રોપ્સ(મંચ સામગ્રી) લાવવાનું રહેશે. આ મર્યાદાથી વધુ પ્રોપ્સ માટે નકારાત્મક સ્કોર થઈ શકે છે.

**પ્રસ્તુતિ માટે સમયસીમા :**

**પ્રસ્તુતિ માટે સમય : ૨૦ મિનિટ ,**
**જયુરી સાથે ચર્ચા માટે : ૫ મિનિટ,**
**કુલ સમય : ૨૫ મિનિટ**

**<u>પ્રમાણિત થયેલ પ્રવેશીઓ :</u>**

નોડલ અધિકારી દ્વારા રાષ્ટ્રીય સંકલનકર્તા(કલા ઉત્સવ)ને મોકલવામાં આવશે અને સ્પર્ધા પહેલા ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉ મોકલવી ફરજિયાત રહેશે. તમામ જરૂરી માર્ગદર્શિકાઓ, પરિપત્રો અને ફોર્મ અધિકૃત વેબસાઈટ https://kalautsav.ncert.gov.in પર અપલોડ કરાશે.

**<u>(૪) સમૃધ્ધિ માટેના પાત્રતા માપદંડ :</u>**

ધોરણ–૯ થી ૧૨ સુધીના શિક્ષકો જેઓ કોઈપણ રાજય અથવા કેન્દ્રીય બોર્ડ સાથે સંકળાયેલી સરકારી, અનુદાનિત અથવા ખાનગી શાળામાં કાર્યરત છે તેમને સમૃધ્ધિ–૨૦૨૫ માં ભાગ લઈ શકશે.
બીજી કેટલીક સંસ્થાઓના શાળા શિક્ષકો પણ ભાગ લઈ શકે છે જેમ કે,

- કેન્દ્રીય તિબ્બતી શાળા વ્યવસ્થાપન (CTSA )
- ડેમો મલ્ટીપર્પઝ શાળાઓ (DMS – NCERT હેઠળ)
- રેલ્વે, BSF, CRPF, પરમાણુ ઉર્જા પંચ, લશ્કર(Army), વાયુસેનાનું શિક્ષણ વિભાગ
- કોન્ટોનમેન્ટ બોર્ડસ
- NDMC (નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સીલર)
- કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય(કેજીબીવી)વગેરે

આ શિક્ષકો તેમના રાજય/કેન્દશાસિત સ્તરે (જિલ્લા અને રાજય સ્તરે)સ્પર્ધામાં ભાગ લેશે.

કેવીએસ(**KVS**) નવોદય વિદ્યાલય સમિતિ (**NVS**), અને એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ (**EMRS**)તેમની પોતાની આંતરિક સ્પર્ધાઓ યોજી પોતાના વિજેતાઓ મોકલશે. રાષ્ટ્રીય સ્તરે, આ ત્રણેયના અલગ અલગ ટીમો ભાગ લેશે.

કુલ ૩૯ ટીમો રાષ્ટ્રીય સ્તરે ભાગ લેશે. જેમાં ૨૮ રાજય, ૮ કેન્દ્રશાસિત પ્રદેશ + KVS + NVS + EMRS
ભાગ લેનાર શિક્ષક પાસે તેનો હાલ જે શાળામાં કામ કરે છે ત્યાં ઓછામાં ઓછો ૨ વર્ષનો શિક્ષણ કાર્યનો અનુભવ હોવો જરૂરી છે.

**નોંધ :** દરેક નોડલ અધિકારીએ ખાતરી કરવી પડશે કે તેમના રાજયની તમામ શાળાઓ જિલ્લા અને રાજય સ્તરની સમૃધ્ધિ સ્પર્ધામાં ભાગ લે અને ખાસ કરીને દુર્ગમ અને ગ્રામ્ય વિસ્તારોના સર્જનાત્મક અને લાયક શિક્ષકોને યોગદાન આપવાની તક મળે.

**વિજેતાઓને મળતી રકમ :** સીધી શિક્ષકોના બેંક એકાઉન્ટમાં જ ટ્રાન્સફર કરવામાં આવશે. રાજય/સંસ્થા (KVS/NVS/EMRS )ના માધ્યમથી નહી જેથી રકમનો સમયસર હસ્તાંતરણ સુનિશ્ચિત થઈ શકે.

## (૫) કલા આધારિત શિક્ષણ સ્પર્ધાનું મૂલ્યાંકન માપદંડ

સ્પર્ધામાં વિદ્યાર્થીઓ ધ્વારા રજૂ કરાયેલા પ્રોજેકટનું મૂલ્યાંકન નીચે જણાવેલ કેટેગીરી અને ગુણાંક પ્રમાણે કરવામાં આવશે.

| ક્રમ | માપદંડ | ગુણ(મહત્વ) |
|---|---|---|
| 1. | વિષયવસ્તુ / થીમ (Content / Theme) (૫ ગુણ)<br>કલા અને હસ્તકલા સંદર્ભમાં કૃતિ (પ્રોજેકટ)યોજનાની યોગ્યતા (૧૫ ગુણ) | ૨૦ ગુણ |
| 2. | કલાનો પેડાગોજીકલ /શિક્ષણશાસ્ત્રની પ્રાસંગિકતા ઉપયોગ (Arts as Pedagogy)<br>(પર્યાવરણ / સાંસ્કૃતિક / સ્થાનિક કલા અને હસ્તકલા / શિલ્પ સાથેનું જોડાણ) | ૨૦ ગુણ |
| 3. | વિદ્યાર્થીઓની પ્રવૃત્તિમાં ભાગીદારી (Engagement) | ૨૦ ગુણ |
| 4. | પ્રક્રિયાઓ (Process) | ૨૦ ગુણ |
| 5. | પ્રસ્તુતિ કૌશલ્ય (Presentation Skill) | ૨૦ ગુણ |
| | કુલ ગુણ | ૧૦૦ ગુણ |

**વિશેષ સૂચનાઓ :**

- ઈનામની રકમ ટીમના દરેક સભ્યો વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે.
- દરેક વિજેતા(પહેલો, બીજો, ત્રીજો)માટેની રકમ શિક્ષકોના વ્યકિતગત ખાતામાં સીધી ટ્રાન્સફર કરવામાં આવશે.
- જો કોઈ રાજય/કેન્દ્રશાસિત પ્રદેશ/KVS/NVS/EMRS માંથી એકથી વધુ ટીમો ભાગ છે તો પણ સૌથી વધુ બે ઈનામો સુધી જ મર્યાદિત રહેશે.

**ઈનામની રકમ (રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે)**

| | |
|---|---|
| પ્રથમ ઈનામ | 25,000 |
| દ્વિતીય ઈનામ | 20,000 |
| તૃતિય ઈનામ | 15,000 |
| ખાસ ઈનામ | 5,000 |

તમામ વિજેતાઓને રોકડ ઈનામ સાથે ટ્રોફી અને મેડલ પણ આપવામાં આવશે. ઈનામની રકમ ડિજિટલ રીતે તેમના ખાતામાં જમા કરાશે.

## (૬) શિક્ષકો ધ્વારા ભરવાના ફોર્મ્સની વિગતો :

| નામ મોટા અક્ષરે વિગત | વિષય શિક્ષક | કલા શિક્ષક |
|---|---|---|
| પાસપોર્ટ સાઈઝનો ફોટો | | |
| જન્મ તારીખ | | |
| કાયમી સરનામું | | |
| આધાર નંબર | | |
| ઈ મેઈલ | | |
| મોબાઈલ નંબર | | |
| હોદ્દો | | |
| ભણાવતા વિષય અને ધોરણ | | |
| શાળાનું નામ અને સરનામું | | |
| શાળાનો યુ ડાયસ કોડ | | |
| ખાતામાં દાખલ તારીખ | | |
| અનુભવ(હાલની શાળામાં) | | |
| કેટેગરી (GN, SC, ST, OBC | | |
| દિવ્યાંગ (હા/ના) | | |
| **બેંકની વિગતો** | | |
| PAN નંબર | | |
| બેંકનું નામ | | |
| ખાતા નંબર | | |
| IFSC કોડ | | |
| બેંક પાસબુકનો ફોટો અથવા કેન્સલ ચેક | | |

**ફોર્મ (બી) પ્રવૃત્તિની વિગતો :** શિક્ષક જે પ્રવૃત્તિ માટે પ્રવેશ આપી છે તે અંગેની સંપૂર્ણ માહિતી આ ફોર્મમાં આપવી.

| વિગતો | વિષય શિક્ષક | કલા શિક્ષક |
|---|---|---|
| વિષય | | |
| ક્ષેત્ર / થીમ | | |
| શૈક્ષણિક હેતુઓ | | |
| ક્ષમતાઓનો નકશો (Mapping of Competencies)/ ક્ષમતા માટેનું માપન | | |
| શીખવવાનું પરિણામ (Learning Outcomes) | | |
| ખ્યાલ સમજૂતી માટે કલા ઘટકોનો ઉપયોગ / વિષયવસ્તુ શીખવા માટે ઉપયોગમાં લેવાતી વિવિધ કલાઓની માહિતી | | |
| પ્રક્રિયા અને વ્યૂહરચનાઓ લખાણ (૫૦૦ શબ્દોમાં) | | |
| વધુમાં વધુ ૫ સારા ફોટોગ્રાફસ | | |
| ઉપયોગમાં લેવાયેલ સંસાધનો | | |
| મૂલ્યાંકન | | |
| અનુગામી પ્રવૃત્તિ( Follow-up Activity) | | |
| ચિંતન / પ્રતિબિંબ/ સમીક્ષા (Reflection) | | |

પ્રસ્તાવના/પ્રોજેકટનું લખાણ નીચે મુજબ હોવું જોઈએ.

(અંગ્રેજીમાં)– Font: Times New Roman,
Font Size: 12,
Word Limit: 500 શબ્દ, પ્રસ્તુતિ પ્રક્રિયા અને ખાસ મુદ્દાઓ સમાવેશ

(હિન્દીમાં)– Font: Kokila,
Font Size: 16,
Word Limit: 500 શબ્દ, પ્રસ્તુતિ પ્રક્રિયા અને ખાસ મુદ્દાઓ સમાવેશ

## સમૃધ્ધિ ૨૦૨૫ કાર્યક્રમનું સમયપત્રક

**જિલ્લાકક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ :**

- શિક્ષકો પાસેથી કૃતિ/પ્રપોઝલ જિલ્લાકક્ષાએ મંગાવવાની તારીખ : તા.૧૦/૦૯/૨૦૨૫(સંભવિત)
- જિલ્લાકક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ યોજવાની તારીખ : તા.૧૨/૦૯/૨૦૨૫ અથવા તા.૧૩/૦૯/૨૦૨૫ (સંભવિત)

**રાજયકક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ :**

- જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં પ્રથમ ક્રમના વિજેતાની યાદી/વિગતો મોકલવાની સંભવિત તા.૧૫/૦૯/૨૦૨૫ (સંભવિત)
- રાજયકક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ યોજવાની તારીખ : તા.૩૦/૦૯/૨૦૨૫ (સંભવિત)

**ખાસ નોંધ :** ગુજરાતી માર્ગદર્શિકા સરળતા ખાતર આપવામાં આવેલ છે. કોઈપણ તબકકે આવશ્યક/અંતિમ નિર્ણય માટે NCERT ધ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા/ગાઈડલાઈન (હિન્દી અને અંગ્રેજી) ધ્યાને લેવાની રહેશે. આ ગાઈડ લાઈન NCERT ની વેબસાઈટ https://www.kalautsav.ncert.gov.in/ પર ઉપલબ્ધ છે.